મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઇટી Death - Cum-Retirement Gratuity (D.C.R.G.) ની વિલંબિત ચુકવણી પર વ્યાજ ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક-નવત-૧૦૯૯-૧૪૦૨-પ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ-૦૪/૦૨/૨૦૧૫

વંચાણમાં લીધા:-

(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક-એનવીએન-૧૦૭૯-૨૦૯૧-પ, તારીખ:૧૪/૦૮/૧૯૭૯
(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક-નવન-૧૦૮૦-૧૭૬૦-પ, તારીખ:-૦૭/૦૭/૧૯૮૦
(૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક-એનવીએન-૧૦૮૧-૨૪૦૪-પી. તારીખ:-૧૮/૧૧/૮૧.
(૪) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક-ટીપીપી-૧૦૮૩-૧૫૬૩-પ તારીખ:-૧૮/૦૭/૧૯૮૩.
(૫) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક-નવત-૧૧૮૬-જીઓઆઇ-૨૦-પ, તા. ૧૩/૦૫/૧૯૮૬.
(૬) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક-નવત-૧૧૮૪-જીઓઆઇ-૨૫-પ, તારીખ:-૧૭/૦૭/૧૯૯૧.
(૭) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક-નવત-૧૧૯૪-ભા.સ.-૨-પ તારીખ:-૦૮/૧૨/૧૯૯૪
(૮) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક-નવત-૧૦૯૯-૧૪૦૨-પી, તારીખ:- ૧૬/૦૯/૧૯૯૯.
(૯) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક-ડીપીપી-૧૦૯૯-૪૯૬-ડી.૧૩૧-(૧૦) પી, તારીખ:-૨૩/૦૬/૨૦૦૦.
(૧૦) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક-નવત-૧૦૯૯-૧૪૦૨-પ તારીખ:-૨૦/૧૨/૨૦૦૨
(૧૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક-નવત-૧૦૯૯-૧૪૦૨-પ તારીખ:-૨૫/૦૮/૨૦૦૪.

## ઠરાવ

મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેજ્યુઇટીની વિલંબિત ચૂકવણી પર નિયત દરે વ્યાજની ચૂકવણી કરવા અંગેના આમુખમાં દર્શાવેલ સરકારનાં નાણા વિભાગનાં ઠરાવો અમલમાં છે. છેલ્લા કેટલાંક સમયથી મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેજ્યુઇટીની વિલંબિત ચૂકવણી પરનાં વ્યાજનાં દર સુધારવાનો પ્રશ્ન સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતો. વર્તમાન સ્થિતિએ સ્થાનિક અને આંતર રાષ્ટ્રીય બજારોમાં પણ વ્યાજનાં દરમાં વધારો થઇ રહયો હોવાથી મૃત્યુ સહ નિવૃત્તિની ગ્રેજ્યુઇટીની વિલંબિત ચૂકવણીઓ પર વ્યાજનો દર સુધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. આ બાબતે કાળજી પૂર્વક વિચારણાને અંતે મૃત્યુ - સહ -નિવૃત્તિ-ગ્રેજ્યુઇટીની વિલંબિત ચુકવણી પર વાર્ષિક ૯ ટકા(નવ ટકા)ના દરે વ્યાજની ચુકવણી કરવાનું સરકારે આથી ઠરાવેલ છે.

૩. વ્યાજનાં ૯ ટકા (નવ ટકા) નાં દર ઠરાવની તારીખથી અમલમાં આવશે.

૪. કોર્ટકેસ/ખાતાકીય તપાસ તથા અન્ય કોઇ કારણોસર જો પાછલી તારીખથી કર્મચારીને ગ્રેજ્યુઇટી પર વિલંબિત વ્યાજ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો, જે તે સમયે અમલમાં હોય તે વ્યાજના દર મુજબ વ્યાજ ચુકવવાનું રહેશે.

૫. ઠરાવની અન્ય તમામ શરતો આમુખમાં જણાવેલ ક્રમાંક (૧૦) આગળનાં તારીખ ૨૦/૧૨/૦૨માં દર્શાવ્યા મુજબની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એચ. પાઠક)
ઉપ સચિવ (પેન્શન),
નાણા વિભાગ.

પ્રતિ,

<u>નકલ રવાના:-</u>

- માન. રાજયપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
  માન. મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ,
  માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
  સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીનાવડાઓ,
- સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલગાંધીનગર.
  તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ,
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ,
  નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
  નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
  નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
  સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,
  તમામ તિજોરી અધિકારીઓ/ તમામ પેટા તિજોરી અધિકારીઓ,
  પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા
  સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
  તમામ બોર્ડ/ કોર્પોરેશન/ નિગમો.
  નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહિત)
  ✓ સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી માટે.
  <u>સિલેકટ ફાઇલ પી શાખા</u>
- પત્ર દ્વારા